

# મરઘી

બારણું ખૂલતાં જ એ બે પગે ઠેકતી આવે બહાર પાંજરામાંથી.

લઘુતમ શણગાર સજેલી એ સામાન્ય મરઘીએ કદી પણ સોનાનું ઈંડું મૂક્યું નથી.

અજવાળાથી અંજાયેલી એ ખળામાંથી બહાર આવતી હોય છે ઢચુપચુ.

સૌ પહેલાં એની નજરે પડતો હોય છે રાખનો ઢગલો જ્યાં એ રોજ સવારે ગેલથી મારતી હોય છે ઠેકડા.

એ ગબડતી હોય છે એ ઢગલામાં, આળોટતી હોય છે, અને ફટાફટ પાંખો ફફડાવી એનાં પીંછાં પર પડેલી ધૂળ ઉડાડી, એ પીંછાંમાં રાતે ભરાઈ ગયેલાં માંકડ અને ચાંચડને દૂર કરતી હોય છે.

પછી એ ફુવારા પાસે જઈને એના છીછરા થાળામાં તાજું જ ભરાયેલું પાણી પીતી હોય છે.

એ કેવળ પાણી જ પીતી હોય છે.

એ ફુવારાના થાળા પર પોતાની જાતને પડી ન જાય એ રીતે ગોઠવી, ડોક સહેજ સીધી કરી, પછી સહેજ નીચી નમીને ઘૂંટડે ઘૂંટડે પીતી હોય છે પાણી.

પછી એ મંડી પડતી હોય છે શોધવા એની આસપાસ વેરાયેલી ચણ.

નાનકડા છોડવા, જીવડાં અને આમતેમ વેરાયલા દાણા પર હોય છે એની માલિકી.

એ બસ ચણ ચણ્યા જ કરતી હોય છે, ચણ્યા જ કરતી હોય છે, થાક્યા વિના.

જોકે, ક્યારેક એ વચ્ચે અટકતી હોય છે ખરી.

એની ટટ્ટાર ફિરંગી ટોપી તળે એની તગતગતી આંખો. વળી ગળે ઝૂલતી ઝાલર, એ તો લટકામાં.

એ પછી સાંભળતી હોય છે કશુંક, પહેલાં એક કાને, પછી બીજા કાને.

કાંઈ જ બન્યું નથી એવી ખાતરી કર્યા પછી એ ફરી એક વાર ચણ શોધવાના કામે લાગી જતી હોય છે.

એ જાણે કે એને સંધિવા ન થયો હોય એમ એના બેઉ પગ અક્કડ હવામાં ઊંચકતી હોય છે. પછી એ પગની આંગળીઓ અને એના અંગૂઠા પણ જરાક પહોળા કરી, હળવેથી, સહેજ પણ અવાજ ન થાય એ રીતે, કાળજીપૂર્વક બેસતી હોય છે.

જાણે કે એ ઉઘાડા પગે ચાલતી ન હોય!



# મરઘો : ૧

એણે કદી પણ કૂકડેકૂક કર્યું નથી. એણે કદી પણ મરઘીઓના વાડામાં રાત વિતાવી નથી કે એણે કદી પણ કોઈ મરઘી સાથે ઓળખાણ સરખી પણ કરી નથી.

એ બનેલો છે લાકડામાંથી, એના પગ છે પોલાદના, જે આવી ગયા છે એના પેટમાંથી બહાર.

એ જીવ્યે જાય છે વરસોથી, એક જૂના દેવળની ટોચ પર બેઠાં બેઠાં. એ દેવળ જેવું બીજું દેવળ કોઈ બનાવી શકે એમ નથી. એ દેવળ તબેલાને મળતું આવે છે. એનાં નળિયાંની ધાર બળદની પીઠ જેવી સીધી છે.

એને દેખાય છે કડિયા એ દેવળના બીજા છેડે.

જ્યાં સુધી વેગીલો પવન એને બીજી દિશામાં જોવા માટે મજબૂર ન કરે ત્યાં લગી એ જોતો રહેતો હોય છે કડિયાઓને.

અને જેટલી વાર એ દિશા બદલતો હોય છે એટલી વાર નવા નવા પથ્થરો એની ક્ષિતિજને આડે આવતા હોય છે.

પછી, એ એકાએક એની ડોક ઊંચી કરી, જુએ છે કે એ દેવળના બીજા મિનારા પર બીજો એક મરઘલડો આવીને બેસી ગયો છે.

આજે સવારે તો ત્યાં કશું જ હતું નહીં. એ અજાણ્યા મરઘાને એક પૂંછડી છે, ઊંચી; એની ચોંચ ખૂલેલી છે ગાયકના મોંની જેમ. એના થાપા પર પાંખો છે, નવીનકોર. એ પાંખો ચળકી રહી છે તડકામાં.

પછી બન્ને મરઘા કોણ કેટલી ગતિએ ગોળ ગોળ ફરે છે એ જોવા માટે સ્પર્ધા કરતા હોય છે, પણ પેલો લાકડામાંથી બનાવેલો ઘરડો મરઘો થોડી જ વારમાં થાકી જતો હોય છે અને પછી પેલા નવા મરઘાની શરણાગતિ સ્વીકારી લેતો હોય છે. એ ઘરડો મરઘો જ્યાં ઊભો છે એ મોભ ખવાઈ ગયો છે. એ પેલા મરઘાને ચેતવતો હોય કે તું ક્યાંક નીચે પડી જશે. એ સાથે જ એ પણ જરાક અક્કડ બનીને જરાક ઝૂકી જતો હોય છે અને મોભની સાથે જ નીચે તૂટી પડવા માટે તૈયાર થઈ જતો હોય છે. પણ એવું કશું થતું નથી. એ સહેજ કિચૂડ કિચૂડ અવાજ કરીને થંભી જતો હોય છે.

પછી ત્યાં આવતા હોય છે સુથારો.

સુથારો જેના પર પેલો મરઘો બેઠેલો છે એ ખવાયેલા મોભના એક છેડાને કાપીને નીચે લઈ આવતા હોય છે. પછી એઓ એ મરઘાને મોભથી અળગો કરતા હોય છે અને ત્યાર બાદ ગામમાં એનું સરઘસ કાઢતા હોય છે. એ વખતે કોઈ પણ માણસ થોડુંક દાન આપીને એ મરઘાના ચરણસ્પર્શ કરી શકતો હોય છે.

એને દાન પેટે કોઈ ઈંડું આપતું હોય છે, કોઈ કાણો પૈસો તો વળી મેમ લોરીઓ તો એને ચાંદીનો સિક્કો આપતો હોય છે.

પછી સુથારો એકાદ બે પેગ ચડાવી એ મરઘો કોણે રાખવો જોઈએ એ બાબતે ઝઘડતા હોય છે.

છેલ્લે એઓ એને બાળી મૂકવાનો નિર્ણય લેતા હોય છે.

પછી એઓ લાકડાં અને ઘાસનો એક ઢગલો બનાવી, પેલા મરઘાને એમાં મૂકી, બાળી મૂકતા હોય છે.

એ લાકડાનો મરઘો પછી બળવા માંડતો હોય છે ભડ ભડ, એના ભડકા સ્વર્ગ સુધી પહોંચતા હોય છે.

એ સાચે જ સ્વર્ગ પામવાને લાયક હતો અને આ રીતે એને અંતે સ્વર્ગ પ્રાપ્ત થતું હોય છે.